CHIPS Express
પરદેશ
પાર્સલ સેવા
www.chipsairexp.com
આટરીયાન્ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૯૭ | ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૮, બુધવાર; ભાદરવા વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**ત્રણ તલાક અધ્યાદેશ સુપ્રિમમાં**

ત્રણ તલાક મામલો હવે સુપ્રિમ કોર્ટ પહોંચી ગયો છે. સંસદે પસાર કરેલા અધ્યાદેશને સુપ્રિમમાં પડકારાયો છે. તે ભેદભાવપૂર્ણ અને સમાન અધિકાર હનન છે તેને રદ કરવાની માંગણી કરાઈ છે.

**સુપ્રસિદ્ધ કોમેન્ટેટર જસદેવસિંહનું નિધન**

ભારતીય રમતગમતની અવાજ મનાતા સુપ્રસિદ્ધ કોમેન્ટેટર જસદેવસિંહનું લાંબી બીમારી બાદ નિધન થયુ છે. તેઓ ૮૭ વર્ષના હતા. દૂરદર્શન પર સિત્તેર અને એંશીના દાયકાના રવિ ચતુર્વેદી અને સુશીલ દોશી સાથે તેઓએ કોમેન્ટરીમાં નામના મેળવી હતી.

**સાયબર ક્રાઈમથી લડવા મોબાઈલ એપ લોન્ચ**

બ્લુ વ્હેલ ગેમ અને મોમો ચેલેન્જ જેવી ખતરનાક ઓનલાઈન ગેમ્સથી બાળકોને બચાવવા રાષ્ટ્રીય બાળ આયોગે પોતાની મોબાઈલ એપ લોન્ચ કરી છે. આયોગે બાળકોને સાયબર ક્રાઈમ સામે જાગૃત કરવા આ એપ બનાવી છે.

**ઈમરાનખાનને અયોગ્ય ઠેરવતી અરજી રદ**



પાકિસ્તાન સુપ્રિમ કોર્ટે ઈમરાનખાનને અયોગ્ય ઠેરવતી અરજી નામંજૂર કરી દીધી છે. ઈમરાનખાન પ્રધાનમંત્રી નહતા ત્યારે આ અરજી દાખલ કરાઈ હતી.

# કોંગ્રેસ અસ્તિત્વની લડાઈ લડે છે : મોદી

**ભોપાલમાં કાર્યકરોના મહાકુંભમાં મોદીના કોંગ્રેસ પર તેજાબી પ્રહારો : મેરા બુથ સબસે મજબૂતનો નારો આપ્યો**



ભોપાલ, તા. ૨૫

ભોપાલમાં કાર્યકરોના મહાકુંભ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિધાનસભાની ચૂંટણી માટે પ્રચારનું રણશિંગુ ફૂંક્યું હતું. મોદીએ કોંગ્રેસ અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, ૧૨૫ વર્ષ જુની પાર્ટી કોંગ્રેસ પાર્ટીને આજે શોધવા માટે સાધનોની જરૂર પડી રહી છે. કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે મધ્યપ્રદેશને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. મધ્યપ્રદેશની ભાજપ સરકારે અને લોકો સાથે ખરાબ વર્તન કરવામાં આવી રહ્યું હતું. મોદીએ મેરા બુથ સબસે મજબૂતનો નારો આપ્યો હતો. મોદીએ કહ્યું હતું કે, ભાજપને હરાવવા માટે કોંગ્રેસ પાર્ટી હવે દેશની બહાર પણ ગઠબંધન શોધી રહી છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જયંતિ ઉપર આયોજિત કાર્યક્રમમાં મોદીએ વાજપેયી અને રાજમાતા સિંધિયાને યાદ કર્યા હતા. મોદીએ રાજયમાં લાખો કાર્યકરોની ઉપસ્થિતિમાં કોંગ્રેસ પાર્ટી ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, કોંગ્રેસે તેમની સામે દરેક ગાળોનો ઉપયોગ કર્યો છે પરંતુ કાદવ જેટલું ઉછળશે કમળ વધારે ખીલી ઉઠશે. મોદીએ કહ્યું હતું કે, હવે દેશની બહાર નક્કી કરવામાં આવી રહ્યું

● અનુસંધાન પાન-૭ પર

## પ્રતિ દસ લાખ નાગરિકોએ ભારતમાં માત્ર ૧૯ ન્યાયાધીશ

**કાયદા મંત્રાલયના આંકડા અનુસાર : દેશમાં ૬૦૦૦થી વધુ ન્યાયાધીશોની તાતી જરૂર, દેશની જિલ્લા-સબોર્ડિનેટ કોર્ટોમાં કુલ ૨૮ કરોડ કેસો પેન્ડિંગ**

ન્યુ દિલ્હી,તા.૨૫

ભારતમાં પ્રતિ દસ લાખ લોકોએ ૧૯ ન્યાયાધીશ છે અને દેશમાં ૬૦૦૦થી વધુ ન્યાયાધીશોની અછત છે. જેમાં ૫૦૦૦થી વધુ ન્યાયાધીશોની નીચલી અદાલતોમાં અછત છે. કાયદા મંત્રાલયના આંકડા અનુસાર વસતીના પ્રમાણમાં પ્રતિ ૧૦ લાખ લોકો પર ૧૯.૪૯ ન્યાયાધીશ છે. આ આંકડા એ દસ્તાવેજનો હિસ્સો છે જેને સંસદમાં ચર્ચા માટે માર્ચમાં તૈયાર કરવામાં આવ્યો હતો.

આ દસ્તાવેજમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, સબોર્ડિનેટ કોર્ટોમાં ૫૭૪૮ ન્યાયિક અધિકારીઓ ઓછા છે અને ૨૪ હાઈકોર્ટમાં ૪૦૬ જગ્યાઓ ખાલી પડી છે. નીચલી અદાલતોમાં હાલના સમયમાં ૧૬૭૨૭ ન્યાયિક અધિકારી છે જ્યારે ત્યાં ૨૨૪૭૪ ન્યાયિક અધિકારીઓ હોવા જોઈતા હતા. હાઈકોર્ટોમાં ન્યાયાધીશોની માન્ય સંખ્યા ૧૦૭૯ છે જ્યારે ત્યાં માત્ર ૬૭૩ ન્યાયાધીશો છે. સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સ્વીકૃત સંખ્યા ૩૧ છે અને ત્યાં છ જગ્યાઓ ખાલી પડેલી છે. આ રીતે, સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટો અને નીચલી અદાલતોમાં ન્યાયાધીશોની ૬૧૬૦ જગ્યાઓ ખાલી છે.

જજ પોપ્યુલેશન રેશિયો પરની ચર્ચાને એપ્રિલ, ૨૦૧૬માં તત્કાલીન ચીફ જસ્ટીસ ન્યાયમૂર્તિ ટી. એસ. ઠાકુરે વેગ આપ્યો હતો જ્યારે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં કેસોનાં પહાડનો સામનો કરવા માટે ન્યાયાધીશોની સંખ્યા ૨૧૦૦૦થી વધારીને ૪૦૦૦ કરવામાં સરકારની નિષ્ક્રિયતા પર અફસોસ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું, 'આપ તમામ બોજ ન્યાયપાલિકા પર ન નાખી શકો. તેમણે કહ્યું હતું કે ૧૯૮૭માં જ્યારે કાયદા પંચે પ્રતિ દસ લાખ લોકો પર ન્યાયાધીશોની સંખ્યા દસથી વધારીને ૫૦ કરવાની ભલામણ કરી હતી ત્યારથી અત્યાર સુધી કંઈ આગળ વધ્યું નથી.

# ઉત્તર ભારતમાં વરસાદથી હાહાકાર

**પંજાબ, હિમાચલ અને કાશ્મીરમાં ભારે વરસાદ : હિમાચલમાં લાપત્તા થયેલા ૪૫ વિદ્યાર્થી સહિત તમામ સુરક્ષિત : હિમાચલના લાહોલ-સ્પીતિમાં ભારે વરસાદ અને હિમવર્ષાથી હાલત કફોડી બની : પ્રવાસીઓને ખસેડવા મોટાપાયે ઓપરેશન**

શિમલા,તા. ૨૫

પંજાબ, હિમાચલ પ્રદેશ, જમ્મુકાશ્મીરમાં ભારે વરસાદ અને પુર સંબંધિત બનાવોમાં ઓછામાં ઓછા ૨૨ લોકોના મોત થયા છે.ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં ભારે વરસાદના કારણે મોટુ નુકસાન થયુ છે. બચાવ અને રાહત કામગીરી માટે સેનાને એલર્ટ રાખવામાં આવી છે. પંજાબ અને હિમાચલપ્રદેશમાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. હિમાચલપ્રદેશમાં છેલ્લા ત્રણ દિવસથી જારી ભારે વરસાદનો દોર આજે પણ જારી રહ્યો હતો. જો કે વરસાદની ગતિ ધીમી પડવાથી બચાવ અને રાહત કામગીરી ઝડપી કરી દેવામાં આવી છે. જો કે સંકટ હજુ અકબંધ છે. રાજ્યમાં વિજળી વ્યવસ્થા ઠપ્પ થઈ ગઈ છે. જનજીવન ખોરવાઈ ગયુ છે. માર્ગો તુટી પડ્યા છે. હિમાચલમાં જનજીવનને સામાન્ય બનાવવા માટે યુદ્ધના ધોરણે પ્રયાસ ચાલી રહ્યા છે. હિમાચલપ્રદેશમાં છેલ્લા ત્રણ દિવસના ગાળામાં જ નવથી વધુ લોકોના મોત થયા છે અને ૩૭૮ રસ્તા બંધ હાલતમાં છે. લાહોલ અને સ્પિતીમાં ફસાયેલા હજારો પ્રવાસીઓને સુરક્ષિત ખસેડવા માટેના પ્રયાસ યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. એકલા લાહોલ સ્પિતીમાં ૨૦૦ પ્રવાસીઓ અટવાયેલા છે.



## દિલ્હીમાં વરસાદ પડતા મુંબઈ, બેંગ્લુરુની તુલનાએ હવા શુદ્ધ થઈ..!!

ન્યુ દિલ્હી,તા.૨૫

વરસાદની બાબતમાં દિલ્હી અને મુંબઈની તુલના થઈ શકતી નથી, પરંતુ સપ્ટેમ્બરમાં વરસાદની બાબતમાં દિલ્હીએ મુંબઈને પછાડી દીધું હતું. સપ્ટેમ્બરમાં દિલ્હીમાં જ્યાં ૨૩૩.૩ મિ.મી. વરસાદ થઈ ચૂક્યો હતો ત્યાં મુંબઈમાં માત્ર ૬૨.૯ મિ.મી. વરસાદ થયો છે. આ ઝમાઝમ વરસાદે હવાને એટલી સ્વચ્છ કરી દીધી છે કે હવે મુંબઈ, પુણે, અમદાવાદ અને બેંગલુરુની તુલનામાં દિલ્હીની હવા વધુ શુદ્ધ થઈ ચૂકી છે.

દિલ્હીમાં આખા સપ્ટેમ્બર દરમિયાન ૧૨૫.૧ મિ.મી. વરસાદ સામાન્ય છે, પરંતુ સોમવારે સાંજે સાડા પાંચ વાગ્યા સુધી દિલ્હીમાં ૨૩૩.૩ મિ.મી. વરસાદ થઈ ચૂક્યો છે જ્યારે મુંબઈમાં આ મહિનાનો સામાન્ય વરસાદ ૩૪૧.૪ મિ.મી. છે, પરંતુ અત્યાર સુધી માત્ર ૬૨.૯ મિ.મી. વરસાદ થયો છે. દિલ્હીમાં સપ્ટેમ્બર દરમિયાન આટલો વરસાદ ૨૦૧૦માં પડ્યો હતો. સપ્ટેમ્બરના આ રેકોર્ડબ્રેક વરસાદે દિલ્હીની હવાને શુદ્ધ કરી દીધી છે. હવે રાજધાનીને શ્વાસ લેવાનો મોકો મળ્યો છે. દિલ્હીની હવા અત્યારે સૌથી શુદ્ધ ગણાતાં શહેરો મુંબઈ, અમદાવાદ, પુણે અને બેંગલુરુ કરતાં પણ શુદ્ધ બની ચૂકી છે.

## દેશની સંસદમાંથી ગુનેગારોને દૂર કરવાનો સમય પાકી ગયો : સુપ્રીમ કોર્ટ

**કલંકિત નેતાઓના ચૂંટણી લડવા પર પ્રતિબંધનો સુપ્રીમનો ઇન્કાર કાનૂન બનાવવાનું કામ સંસદનું છે અને તે પ્રતિબંધ મુકી શકે : ઉમેદવારોને પોતાની સામે રહેલા અપરાધિક કેસોના સંદર્ભે માહિતી આપવી પડશે : પંચના ફોર્મને બોલ્ડ લેટરમાં ભરવાની જરૂર રહેશે : સુપ્રીમનો હુકમ**

નવી દિલ્હી,તા. ૨૫

કલંકિત નેતાઓ અને ગંભીર અપરાધિક મામલાના આરોપીઓને ચૂંટણી લડવાથી રોકવાની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે આજે તેનો ઐતિહાસિક ચુકાદો આપી દીધો હતો. સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો આપા કહ્યું હતું કે, કલંકિત નેતાઓના ચૂંટણી લડવા પર તે પ્રતિબંધ મુકી શકે નહીં. કાનૂન બનાવવાનું કામ સંસદનું છે. સંસદ જ આના ઉપર પ્રતિબંધ મુકી શકે છે. સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો આપતા કહ્યું છે કે, ઉમેદવારોને પોતાના ઉપર રહેલા અપરાધિક કેસોના સંદર્ભમાં માહિતી આપવી પડશે. સાથે સાથે સંબંધિત રાજકીય પક્ષોને પણ ચૂંટણી મેદાનમાં ઉતરેલા ઉમેદવારોના સંદર્ભમાં તેમના બેકગ્રાઉન્ડ અંગે ઈન્ટરનેટ અને મિડિયા ઉપર માહિતી



આપવી પડશે. ચૂંટણી પંચના ફોર્મને બોલ્ડ લેટર સાથે ભરવાની ફરજ પડશે. ઉમેદવારો ઉપર રહેલા અપરાધિક મામલાઓના સંદર્ભમાં પાર્ટીઓને પણ પુરતી માહિતી રહે તે જરૂરી છે. ઉમેદવાર તરફથી પોતાના બેકગ્રાઉન્ડ અને પોતાના ઉપર રહેલા કેસોના સંદર્ભમાં માહિતી આપવી ફરજિયાત રહેશે. રાજનીતિના અપરાધિકરણને રોકવા સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ તારણો આપ્યા હતા. જો કે, સુપ્રીમ કોર્ટે કબૂલાત કરતા કહ્યું હતું કે, માત્ર ચાર્જશીટ દાખલ થવાથી કોઈ ઉમેદવારને ચૂંટણી લડવાથી રોકી શકાય નહીં. સીજેઆઈ દિપક મિશ્રાના નેતૃત્વમાં પાંચ જજની બેંચે કહ્યું હતું કે, તે લક્ષ્મણરેખાને પાર કરી શકે નહીં. ઉમેદવારોને ગેરલાયક જાહેર કરવાની જવાબદારી સંસદની રહેલી છે. આને લઈને સંસદ કાનૂન બનાવી શકે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, રાજકારણના અપરાધિકરણ અને ભ્રષ્ટાચારના લીધે લોકશાહીની જડો હચમચી ઉઠી છે.

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાને નવ સ્થળ પર તેના પરમાણુ હથિયારોને રાખ્યા છે

**વિનાશકારી શસ્ત્રો ત્રાસવાદીના હાથમાં આવી શકે : પાકિસ્તાન અણુ હથિયારો મારફતે ભારતીય સેનાની કોલ્ડ સ્ટાર્ટ નીતિનો સામનો કરવા માટે તૈયાર : હેવાલમાં દાવો**

ઈસ્લામાબાદ,તા. ૨૫

પાકિસ્તાનના પરમાણુ હથિયારોને લઈને હમેંશા ભારત અને અમેરકા સહિતના દેશોએ ચિંતા વ્યક્ત કરી છે. દુનિયાના દેશોને એવી દહેશત છે કે પાકિસ્તાનના પરમાણુ હથિયારો ત્રાસવાદીઓના હાથમાં આવી શકે છે. આ હથિયારોમાં શોર્ટ રેંજ હથિયારો પણ સામેલ છે. હવે આ હથિયારોને લઈને કહેવામાં આવી રહ્યુ છે કે આ હથિયારો કોઈ દુર્ઘટનાનો શિકાર થઈ શકે છે. આ વિનાશકારી હથિયારો ત્રાસવાદીઓના હાથમાં આવી શકે છે. કોલ્ડ સ્ટાર્ટ પાકિસ્તાનની સાથે સંભવિત યુદ્ધ માટે ભારતીય સેના દ્વારા તૈયાર કરવામાં આવેલી એક રણનિતી છે. જે હેઠળ ભારતીય સેનાને યુદ્ધની સ્થિતીમાં પાકિસ્તાનના પરમાણુ હુમલાના જવાબ આપવાની મંજુરી મળેલી છે. બીજી બાજુ ફેડરેશન ઓફ અમેરિકન સાઈનટિસ્ટના નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાને દેશના નવ સ્થળો પર પોતાના પરાણુ હથિયારો મુકી રાખ્યા છે. અમેરિકી પરમાણુ નિષ્ણાંત અને રિપોર્ટ તૈયાર કરનાર હેન્સે કહ્યુ છે કે પાકિસ્તાનના પરમાણુ હથિયારો જુદા જુદા બેઝમાં સ્તિત સ્ટોરેજમાં મુકવામાં આવેલા છે. આ બેઝ પરમાણુ હથિયારો લોંચ કરવામાં પણ સક્ષમ છે. પાકિસ્તાન શોર્ટ રેંજના હથિયારો બનાવી રહ્યુ છે. પાકિસ્તાનને લઈને દુનિયાના દેશો ચિંતાતુર બનેલા છે. આવી સ્થિતીમાં પાકિસ્તાન પર હવે તીવ્ર દબાણ લાવવામાં આવી રહ્યુ છે. પાકિસ્તાન પર વધતા દબાણ વચ્ચે તે આડેધડ નિવેદન કરી રહ્યુ છે. હુમલામાં આનો ઉપયોગ કરવામાં આવશે તો સામરિક પરમાણુ હથિયારોનો ઉપયોગ વ્યાપક પરમાણુ યુદ્ધ તરફ લઈને જશે. પાકિસ્તાન એક ત્રાસવાદી રાષ્ટ્ર હોવાની વાત હાલમાં ભારત તરફથી સંયુક્ત રાષ્ટ્રમાં કરવામાં આવી હતી.

## ભાજપના નેતાએ વડાપ્રધાન મોદીને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નામાંકિત કર્યા

**દુનિયાની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના શરુ કરવા માટે નોમિનેટ કર્યા : તમિલનાડુ ભાજપ અધ્યક્ષ**

ચેન્નાઈ,તા.૨૫

તામિલનાડુના ભાજપ અધ્યક્ષ તમિલીસાઈ સુંદરરાજને કહ્યું હતું કે દુનિયાની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના શરૂ કરવા માટે તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને નોબલ શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કર્યા છે. રાજ્ય ભાજપ પ્રમુખના કાર્યાલય તરફથી જારી પ્રેસ રિલીઝમાં કહેવાયું છે કે તેમના પતિ પ્રોફેસર પી. સુંદરરાજને પણ મોદીને નોબલ માટે નોમિનેટ કર્યા છે. તેમના પતિ એક પ્રાઈવેટ યુનિવર્સિટીમાં નેફ્રોલોજી વિભાગના પ્રોફેસર છે. નોમિનેશન દર વર્ષે સપ્ટેમ્બરમાં શરૂ થાય છે. નોમિનેશનની છેલ્લી તારીખ ૩૧ જાન્યુઆરી, ૨૦૧૯ છે. યુનિવર્સિટીના પ્રોફેસર સહિત સાંસદ અને અન્ય લોકો પણ પીએમને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કરે.

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગર કલ્ચરલ ફોરમ
નવલી નવરાત્રી ૨૦૧૮
૧૦ થી ૧૮ ઓક્ટોબર
મેગા ફાઈનલ સ્પર્ધા તા. ૧૯-૧૦-૨૦૧૮
ગરબા સ્થળ
સમર્પણ ગ્રાઉન્ડ સેન્ટ ઝેવિયર્સ રોડ, સરિતાઉદ્યાન સામે, સેક્ટર-૮, ગાંધીનગર
PARAM
ફૂડ સ્ટોલ્સ, ડીસ્પ્લે સ્ટોલ્સ, હોર્ડીંગ્સ-બેનર્સ, LED સ્ક્રીન જાહેરાત તથા ઈનામો માટે સંપર્ક કરો
ફૂડ સ્ટોલ્સ માટે સંપર્ક - રાજન શાહ : 96870 44321
વિગતો સાથેની અરજી તા. ૨૯-૯-૨૦૧૮ સુધીમાં કાર્યાલયને પહોંચાડવી
હોર્ડીંગ્સ-બેનર્સ આપવા માટે સંપર્ક
શાંતિલાલ ઘોઘારી 98250 33740 | મુંજાલ રાવલ 98792 78295 | ચેતનાબેન બુચ 98258 16018
LED સ્ક્રીન જાહેરાત માટે સંપર્ક
કિન્નર ઝવેરી 98240 21135 | રાજન શાહ 96870 44321 | જયેશ પંચોલી 98248 28169
ઈનામ-ભેટ આપવા માટે સંપર્ક
પંકજ દેસાઈ : 99254 60460 | મંથન ભટ્ટ : 94284 15399
કોન્ટ્રાક્ટ માટે સિક્યોરિટી એજન્સીઓએ પોતાની સંપૂર્ણ માહિતી સાથેની અરજી સાથે તા. ૨૮-૦૯-૨૦૧૮ ને શુક્રવારે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ માં રુબરુ મળવું. વધુ વિગતો માટે સંપર્ક કાર્તિક પટેલ : 98257 21999
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
C/O ગાંધીનગર સમાચાર કાર્યાલય ૬૮૪/૧, સેક્ટર - ૮, ગાંધીનગર.
ફોન - 079-23222571, 23237571

જાહેર આભાર
ગાંધીનગરમાં હેતુ ફેરના મુદ્દે તા. ૨૪ અને તા. ૨૫ સપ્ટેમ્બર બે દિવસ સ્વયંભૂ બંધને સફળ બનાવવા માટે વેપારીમિત્રો ડોક્ટર્સ અને મેડીકલ એસોસિએશનના તમામ વેપારી મિત્રો દ્વારા સહકાર મળ્યો તે બદલ અમો સૌના આભારી છીએ. બે દિવસ બંધ દરમ્યાન વસાહતીઓને પડેલી મુશ્કેલી માટે અમે દિલગીર છીએ.
ભવિષ્યમાં પણ આપ સૌનો સાથ સહકાર મળશે તેવી અપેક્ષા...
અસરગ્રસ્ત ગાંધીનગર વેપારી એસોસીએશન